CRIMINAL CASE NO:2731-1997

**//આંક–૧ લગત હુકમ//**

(૧) હાલનો કેસ ફરીયાદી તરફે સરકાર પક્ષ દ્ધારા દાખલ કરવામાં આવેલો છે અને આરોપી લાંબા સમયથી મળી આવતા ન હોવાને કારણે ડોરમેન્ટ પર મુકવામાં આવેલો. હાલની કેસ પરત ખેંચવાની વિડ્રો પુરસીસ સરકાર તરફે એ.પી.પી.શ્રી દ્ધારા રજૂ કરેલ છે અને તેની સાથે કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટનાઓના પત્ર ક્રમાંક નં. ડી.સી./સીટી ઝેડ/મેટ્રો કોર્ટ/લોક અદાલત/ડોરમેન્ટ કેસ પરત/૨૦૨૧ તા.૯.૯.૨૦૨૧ થી કેસ પરત ખેંચવા હુકમ કરેલ હોય તે હુકમની નકલ રજૂ કરેલ છે.એ.પી.પી.શ્રી દ્ધારા સદરહું પુરસીસ અને હુકમના આધારે સરકાર તરફે સદરહું કેસ પરત ખેંચીએ છીએ તેવુ જાહેર કરેલ છે. આ કામે એ.પી.પી.શ્રીની પુરસીસ વંચાણે લેતા અને તેની સાથે રજૂ થયેલ પરત ખેંચવાનો હુકમ ધ્યાને લેતા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્ધારા પરત ખેંચવાનો એ.પી.પી.શ્રીને હુકમ કરેલ હોય અને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૩૨૧ વંચાણે લેતા એ.પી.પી.શ્રીને સરકાર તરફે કેસ પરત ખેંચવાની પરવાનગી આપવી વ્યાજબી જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

***//હુકમ//***

(૧) હાલનો કેસ એ.પી.પી.શ્રીની પુરસીસના આધારે કેસ પરત ખેંચવાની ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૩૨૧ અન્વયે પરવાનગી આપી સરકાર દ્ધારા વિડ્રો થતો હોય વિડ્રોથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી કે ફરીયાદી કોર્ટમાં હાજર થશે તો ફરીયાદી પક્ષ હાલનો કેસ રીસ્ટોર કરાવી શકશે.

(૩) આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરેલ મુદ્દામાલ પૈકી જો કિંમતી મુદ્દામાલ હોય અને તેને વચગાળાની કસ્ટડીમાં સોંપવાનો હુકમ કરેલ હોય તો બિનશરતી કાયમી કરવામાં આવે છે અને જો કોઇ હુકમ કરવામાં આવેલ ન હોય તો હક્કદાર વ્યક્તિને સીઆરપીસી ની કલમ–૪૫૨ અન્વયે અલગથી ઇન્કવાયરી કરીને સોંપી આપવો અને જો બિનકિંમતી મુદ્દામાલ હોય તો અપીલ સમય વિત્યે નાસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૧ , માહે સપ્ટેમ્બર , સને–૨૦૨૧ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૧૧ /૦૯ /૨૦૨૧

સ્થળ:– અમદાવાદ

**( એ.સી.સખિયા)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
અમદાવાદ (ગ્રામ્ય)
U.I.Code No. GJ01418